

# Vasishtha Genesis School, Baben.

## (Gujarati Medium)

"વિદ્યાધનં સર્વધનાત્ પ્રધાનમ્" "કેળવણી : બાળઘડતરની દીવાદાંડી ..."

ખરાબ અક્ષર અધૂરી કેળવણીની નિશાની છે.- ગાંધીજી

"નાના પ્રયત્નો મોટા ફેરફાર તરફ દોરી જાય છે."

**સારા અક્ષરે લખવાની ટેવ પડે તે માટે આટલું કરીએ...**

## અક્ષર ખરાબ હોવાના કારણો

- અક્ષરોમાં યોગ્ય વળાંકનો અભાવ ...
- બે શબ્દો વચ્ચે યોગ્ય જગ્યાનો અભાવ ...
- અક્ષરોનું અસમાન કદ ...
- વધારે ભાર આપીને લખાણ લખવું.
- વારંવાર પેન બદલવી ...
- બોલપેનને વધારે દૂરથી અથવા વધારે નજીકથી પકડવી .
- લખતી વખતે યોગ્ય જગ્યાએ હાથ અથવા પેન ઉપાડવી નહિ
- બેસવાની યોગ્ય સ્થિતિ ન હોવી
- લખતીં વખતે હાથ અને આંગળીઓ ઉપર પરસેવો થવો.

## અક્ષર સુધારવા શું કરવું ?

1) મનથી દ્રઢ સંકલ્પ કરીને લખવા બેસો કે મારે સારા અક્ષર ઓછા સમયમાં કરવા છે.
2) વર્ષની શરૂઆતથી જ અક્ષર સુધારવાની પ્રેક્ટિસ કરવી
3) કોઈ સાધનમાં ઝીણી ધૂળ-રેતી ભરીને આંગળીથી અને બોલપેનથી લખવાની પ્રેક્ટિસ કરવી.
4) અક્ષરનું કદ બહુ નાનું નહિ અને મોટું નહિ.
5) લખાણ ભાર આપી લખવું.
6) બૉલપેન તમને ફાવતી હોય તેવીજ રાખો.
7) શક્ય હોય ત્યાં સુધી બોલપેનની કંપની અને મોડલ બદલવું નહિ.
8) બૉલપેંન પકડવાની સ્ટાઈલ શીખવી જરૂરી છે. અંગુઠો ક્યાં આવે ? તે જાણવું જરૂરી છે.
9) અક્ષર સારા કરવા માટે બેસવાની સ્થિતિ યોગ્ય હોવી જોઈએ.
10) ગુજરાતી ભાષાના અક્ષરોના મૂળભૂત ઘટકો નીચે મુજબ છે



સૌ પ્રથમ ઉપરોક્ત વળાંકો લખવાની પ્રેક્ટિસ કરો.

11) બીજાના સારા અક્ષરો નીરખીને જુઓ. તે અક્ષરોના વળાંકો વગેરે જુઓ. તમારા અક્ષર પણ સારા થશે.
12) બધા લોકોના બધા જ મૂળાક્ષરો ખરાબ હોતા નથી

(A) સૌ પ્રથમ આખો કક્કો લખી જાવ.

(B) તેમા જે અક્ષરો સારા ન થતાં હોય તેના ફરતે રાઉન્ડ કરો.

(C) આ રાઉન્ડ કરેલા અક્ષરો વારંવાર લખવાની પ્રેક્ટિસ કરો.

(D) ફરીવાર આખો કક્કો લખી ખાતરી કરો કે હવે દરેક અક્ષર સારી રીતે લખી શકો છો.

(E) ત્યાંરબાદ શબ્દો, જોડિયા શબ્દો લખવાની પ્રેક્ટિસ કરો.

(F) જોડિયા શબ્દોમાં અડધા અક્ષરો આવે.તેની પેટર્ન બરાબર જાળવવી

(G) ક્યારેક એક શબ્દનો એક અક્ષર બીજા શબ્દ સાથે ભળી જતો હોય છે :-

દા.ત. 'બા બોલાવે છે.' 'બાબો લાવે છે.'

(H) હવે વાક્યો અને પેરેગ્રાફ લખવાની પ્રેક્ટિસ કરો.

(I) ગુજરાતી ભાષા ખરેખર લીટીની નીચે લખવી જોઈએ :-

દા.ત. <u>લીટીની નીચે આમ લખાય.</u>

(J) એકનું એક વાક્ય, પેરેગ્રાફ જ્યાં સુધી સારા અક્ષરે ન લખાય ત્યાં સુધી લખ્યા કરવું. આવો પ્રયત્ન દરરોજ કરવો.

(K) સુંદર અક્ષરે લખાયેલ પેરેગ્રાફ અન્યને બતાવો.

13) પરસેવો થવો અને તેના ઉપાયો :-

- બોલપેન ગ્રીપવાળી રાખો.
- રૂમાલ ખિસ્સામાં નહિ પણ બાજુ પર જ રાખો જેના થી આંગળી લૂછયા કરો.
- પરસેવો ઓછો થાય તેવો ડીઓડરન્ટ વાપરો
- ઠંડા પાણીથી હાથ ધોઇ, કોરા પાડી પછી લખો
- આંગળીઓ પર કોઈ ટેલ્કમ પાવડર લગાડો.
- આમ છતાં કોઈ ફેર ન પડે તો કોઈ ચામડીનાં ડોક્ટરને બતાવો.

14) આપણા અક્ષરો સારા હોય અને રજૂઆત વ્યવસ્થિત અને આકર્ષક હોય તો પેપર તપાસનારને ઓછી તકલીફ પડશે અને માર્ક્સ સારા મળશે.

15) કોઈપણ જવાબનો શરૂઆતનો ભાગ અને અંતનો ભાગ ખૂબ સારો લખો.

16) આખું પેપર એક સરખા અક્ષરે લખાય તેવી કોશિશ કરો. છેલ્લે ગોટાળા વળતા હોય છે.

17) રજૂઆતની પેટર્ન પણ પુરા લખાણમાં એક સરખી રાખવી.

**★ બોલપેન પકડવાની સ્ટાઈલ ★**

